તારીખ : ૧૨/૧૦/૨૦૨૨.

દાખલ તારીખ : ૧૨/૧૦/૨૦૨૨.

ફેંસલ તારીખ : ૨૦/૧૦/૨૦૨૨.

અવધિ : વર્ષ–૦૦,માસ–૦૦,દિન–૦૯.

આંક : .

**મે. સુરતના સાતમા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.**

**ફોજદારી જામીન અરજી નંબર : ૬૭૦/૨૦૨૨.**

**અરજદાર :–** **નિકુંજ ઉર્ફે ભલો જાગેશભાઇ ચૌધરી,**
રહેવાસી : નિશાળ ફળીયું, રખસખડી,
તાલુકો : માંડવી, જિલ્લો : સુરત.

**વિરૂદ્ધ**

**સામાવાળા :–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :–** **ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૪૩૯ મુજબ જામીન અરજી.**

**==========================================**

**અરજદાર તરફે તેમના વિદ્વાન વકીલ શ્રી એસ. બી. તળાવીઆ.**

**સામાવાળા તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલ.**

**==========================================**

**–:: ચુ કા દો::–**

(૧) હાલના અરજદાર/આરોપીએ ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૪૩૯ મુજબ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) આ કામના અરજદાર/આરોપીની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, માંડવી પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજિ. નંબર : ૧૧૨૧૪૦૩૨૨૨૦૮૬૮/૨૦૨૨, ઇ. પી. કોડની કલમ–૩૭૬(એ)(બી), ૩૭૬(૨)(એન), ૩૫૪ તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સ એકટ : ૨૦૧૨ ની કલમ–૪, ૬, ૮, ૧૦ મુજબના ગુનાનાં કામે હાલના અરજદારને અટક કરવામાં આવેલા છે. અરજદાર/ આરોપી હાલ જયુડિશ્યલ કસ્ટડીમાં હોવાથી જામીન ઉપર મુકત થવા માટે ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૪૩૯ મુજબ હાલની જામીન અરજી દાખલ કરવામાં આવેલ છે.

(૩) અરજદાર/આરોપીના વિ. વકીલ શ્રી એસ. બી. તળાવીઆની દલીલો સાંભળી. તેઓની એવી રજૂઆત છે કે, આ કામના અરજદાર/આરોપી સામે ઇ. પી. કોડની કલમ–૩૭૬(એ)(બી), ૩૭૬(૨)(એન), ૩૫૪ તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સ એકટ : ૨૦૧૨ ની કલમ–૪, ૬, ૮, ૧૦ મુજબના ગુનાનો આક્ષેપ છે. અરજદાર/આરોપીએ ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઇ ગુનો કરેલ નથી. અરજદાર તદ્દન નિર્દોષ છે અને તેઓને ખોટી રીતે હાલના ગુનામાં સંડોવી દેવામાં આવેલા છે. અરજદાર સામે કોઇ સબળ પ્રથમદર્શનીય કેસ નથી. સદર ગુનાન કામે પોલિસ તપાસ પૂર્ણ થતાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. સદર ગુનાનો સ્પે. પોકસો કેસ નંબર : ૮૬/૨૦૨૨ અત્રેની અદાલતમાં પેન્ડીંગ છે. માત્ર શંકાના આધારે હાલના અરજદારને અટક કરવામાં આવેલ છે. ફરિયાદમાં જણાવવામાં આવેલ હકીકત ફરિયાદીને બીજા કોઇ ઇસમે જણાવેલ હોય તે મુજબની છે. ફરિયાદમાં જણાવવામાં આવેલ હકીકતો ઊપજાવી કાઢવામાં આવેલ છે. અરજદારનું કોઇ ગુનાહિત માનસ જણાઇ આવતું નથી. અરજદાર વીસ વર્ષના છે અને અભ્યાસ કરે છે. અરજદાર માંડવી તાલુકાના રહીશ છે. અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેઓ નાસી ભાગી જાય તેમ નથી અને સાહેદોને ફોડવાની કોશિશ કરે તેમ પણ નથી. અરજદારનો કોઇ ગુનાહિત ઇતિહાસ નથી. સદર ગુનાનો કેસ ચાલી આખરી નિકાલ આવતાં ઘણો સમય જાય તેમ છે. નામ. અદાલત જે શરતો ફરમાવશે તેનું પાલન કરવા અરજદાર રાજીખુશી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી અરજદાર/આરોપીને જામીન મુકત કરવા અરજ

કરેલ છે. અરજદાર તરફે દલીલોના સમર્થનમાં ઓથોરિટીઝ રજૂ કરવામાં આવેલ છે, જે વંચાણે લીધેલ છે.

(૪) સદર કામે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની દલીલો સાંભળી. તેઓએ તેમની રજૂઆતમાં જણાવેલ છે કે, હાલના અરજદાર સામે ઇ. પી. કોડની કલમ-૩૭૬(એ)(બી), ૩૭૬(૨)(એન), ૩૫૪ તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સ એકટ : ૨૦૧૨ ની કલમ-૪, ૬, ૮, ૧૦ મુજબના ગંભીર ગુનાનો આક્ષેપ છે. ફરિયાદી ઘરમાં રાખેલ ટી.વી.ની સામેના પલંગ ઉપર આ કામના આરોપીએ ફરિયાદીની સગીર વયની ભોગ બનનાર દીકરી સાથે બે વખત તેણીની મરજી વિરૂદ્ધ જબરજસ્તીથી શરીરસંભોગ કરેલ તથા અવારનવાર શારીરિક છેડછાડ કરેલ. આમ, હાલના અરજદારે સગીર વયના ભોગ બનનાર સાથે બે વખત જબરજસ્તીથી શરીરસંભોગ કરી તથા શારીરિક અડપલાં કરી ગંભીર ગુનો આચરેલ છે. ચાર્જશીટના કાગળો જોતાં હાલના અરજદારે સદર ગુનામાં સક્રિય ભાગ ભજવેલ છે અને તેઓ સામે પ્રથમદર્શનીય કેસ જણાઈ આવે છે. જો અરજદારને જામીન મુકત કરવામાં આવે તો તેઓ સાહેદોને ફોડવાની કોશિશ કરે અથવા નાસી ભાગી જાય તેવી શક્યતા રહેલી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી અરજદાર/ આરોપીની જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૫) આમ, ઉપર મુજબની બંને પક્ષકારોના વિ. વકીલશ્રીઓની રજૂઆતો સાંભળી. ચાર્જશીટના કાગળો વંચાણે લીધાં.

(૬) આ કામે ચાર્જશીટના કાગળો જોતાં તેમજ ફરિયાદ હકીકતને ધ્યાને લેતાં આરોપી સામે ઇ. પી. કોડની કલમ-૩૭૬(એ)(બી), ૩૭૬(૨)(એન), ૩૫૪ તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સ એકટ : ૨૦૧૨ ની કલમ-૪, ૬, ૮, ૧૦ મુજબના ગુનાનો આક્ષેપ છે. મોજે : રકસખડી, કદવાળી ફળીયામાં આ કામના ફરિયાદી ઘરમાં રાખેલ ટી.વી.ની સામેના પલંગ ઉપર આ કામના આરોપીએ ફરિયાદીની સગીર વયની ભોગ બનનાર દીકરી ઉંમર ૮ વર્ષ, ૬ માસની સાથે બે વખત તેણીની મરજી વિરૂદ્ધ જબરજસ્તીથી શરીરસંભોગ કરવા માટે તેણીના કપડાં કાઢી નાખેલા અને તેણી સાથે

શરીરસંભોગ કરેલ તથા આરોપીએ તેણીની અવારનવાર શારીરિક છેડછાડ કરેલ. આમ, હાલના અરજદારે સગીર વયના ભોગ બનનાર સાથે બે વખત જબરજસ્તીથી શરીરસંભોગ કરી તથા શારીરિક અડપલાં કરી ગંભીર ગુનો આચરેલ છે.

(૭) સદર ગુનાના કામે પોલિસ તપાસ પૂર્ણ થયેલ છે અને ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. સદર ગુનાનો સ્પે. પોકસો કેસ નંબર : ૮૬/૨૦૨૨ અત્રેની અદાલતમાં પેન્ડીંગ છે. ચાર્જશીટના કાગળો જોતાં એ હકીકત જણાઈ આવે છે કે, આ કામના ભોગ બનનારની ઉંમર માત્ર ૮ વર્ષ અને ૬ મહિના છે, જયારે હાલના અરજદાર ૨૦ વર્ષના છે. આ કામના આરોપીએ ભોગ બનનારના ઘરે જઈ તેણીની મરજી વિરૂદ્ધ બે વખત શરીરસંભોગ કરેલ. બનાવના દિવસે ફરિયાદીની દીકરી ભોગ બનનાર ઘરમાં એકલી હતી અને ટી.વી. જોતી હતી, ફરિયાદીના સાસુ–સસરા ખેતરમાં ચારો કાપવા ગયેલા અને ફરિયાદી તથા તેઓના પતિ ઘરના વાડામાં રીંગણનું તરૂ મૂકવા ગયેલા ત્યારે ભોગ બનનારની એકલતાનો લાભ લઈ આરોપીએ ભોગ બનનાર સાથે શરીરસંબંધ બાંધેલ, જે સમયે સાહેદ કનાબેને જોયેલ, જે હકીકત ધ્યાને લેતાં અરજદાર સામે પ્રથમદર્શનીય કેસ જણાઈ આવે છે. ચાર્જશીટના કાગળો જોતાં એવી હકીકત પણ જણાઈ આવે છે કે, હાલના અરજદારે બનાવ અગાઉ પણ ભોગ બનનાર સાથે આવું કૃત્ય કરેલ હતું. આરોપીનું આ કૃત્ય ખૂબ જ ગંભીર પ્રકારનું કહી શકાય.

(૮) ચાર્જશીટના કાગળો ધ્યાને લેતાં અરજદારની સદર ગુનામાં સંડોવણી હોવાનું અને તેઓ સામે પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાઈ આવે છે. સદર ગુનાના કામે બનાવ નજરે જોનાર સાહેદ પણ છે. સદર કામે ફરિયાદી, ભોગ બનનાર, સાહેદો અને આરોપી એક જ ગામના રહીશ છે, જેથી અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ ફરિયાદપક્ષના સાહેદોને ડરાવે–ધમકાવે અથવા સાહેદોને ફોડવાની કોશિશ કરે તેવી સંભાવના રહેલી છે. આમ, ઉપરોકત તમામ હકીકતો, ગુનાની ગંભીરતા, આરોપીની ગુનાના કામની ભૂમિકાને ધ્યાને લેતાં અરજદારને જામીન મુક્તિનો લાભ આપવાનું યોગ્ય અને ન્યાયોચિત જણાતું ન હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

અરજદાર/આરોપી નિકુંજ ઉર્ફે ભલો જાગેશભાઇ ચૌધરીનાઓની હાલની ફોજદારી પરચુરણ જામીન અરજી નંબર : ૬૭૦/૨૦૨૨ આથી નામંજૂર કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૨૦ મી, **માહે :** ઓકટોબર, **સને :** ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૨૦/૧૦/૨૦૨૨.
**બારડોલી.**

**( બસંતકુમાર ગુરમુખલાલ ગોલાણી)**
સાતમા એડીશ્નલ સેશન્સ જજ, સુરત,
મુકામ : બારડોલી, જિલ્લો : સુરત.
U.I. CODE- GJ01509